હાર્દિક હવે ઘરેથી ઉપવાસ કરશે

પોલીસ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકી અપાતાં હાર્દિકે ચેતવ્યા : ઉપવાસ છાવણીએ પરત ફરતી વખતે હાર્દિક અને પોલીસ વચ્ચે ઉગ્ર રકઝક થઇ : પાટીદાર સમુદાયના લોકોમાં પોલીસના ગેરવર્તનને લઇ ઉગ્ર નારાજગી

અમદાવાદ, તા.૯

પાટીદાર અનામત સમુદાય માટે અનામત અને ખેડૂતો માટે દેવા માફીની માંગ સાથે આમરણાંત ઉપવાસ ઉપર ઉતરેલા હાર્દિક પટેલને એસજીવીપી હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા બાદ તેના અનશન જારી રહ્યા છે. હાર્દિક પટેલના સમર્થનમાં વધુને વધુ લોકો આવી રહ્યા છે. હાર્દિક પટેલના આવાસ ઉપર પણ મોટી સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે. આવી સ્થિતિમાં સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત કરવામાં આવી રહી છે. પાસના કન્વીનર અને પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલને આજે બપોરે આખરે એસજીવીપી હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યો હતો, હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા બાદ હાર્દિક સીધા ગ્રીનવુડ રિસોર્ટ ખાતેના નિવાસસ્થાનની ઉપવાસ છાવણીએ પરત ફર્યા હતા, જો કે, પોલીસે મેઇન ગેટ પાસેથી હાર્દિકની એમ્બ્યુલન્સ અટકાવતાં હાર્દિક અને તેના સાથીઓની પોલીસ સાથે ભારે રકઝક થઇ હતી અને એક તબક્કે પોલીસ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકી આપતાં મીડિયાની હાજરીમાં હાર્દિકે પોલીસને આ પ્રકારની ધમકી નહી આપવા ચેતવ્યા હતા. પાટીદારો અને પોલીસ વચ્ચેની રકચક અને બબાલને લઇ મામલો ગરમાયો હતો. પોલીસના ગેરવર્તનને લઇ આજે પાટીદાર સમાજમાં પોલીસ પરત્વે ઉગ્ર આક્રોશ ફેલાયો હતો. હાર્દિક પટેલે તેના સાથીઓના સહારે જ આખરે ચાલતાં જ ઉપવાસ છાવણી સુધી જઇ ત્યાં પહોંચી ફરીથી પોતાના આમરણાંત ઉપવાસનો ૧૬ મા દિવસનો તબક્કો આગળ શરૂ કર્યો હતો.

બીજીબાજુ, હાર્દિક પટેલ એસજીવીપી હોસ્પિટલથી સીધા જ ઉપવાસ છાવણીના સ્થળે પહોંચતા તંત્ર દ્વારા ખૂબ મોટી સંખ્યામાં પોલીસ તૈનાત કરી દેવાઇ હતી. એટલું જ નહી, પોલીસે આજે કડક સુરક્ષા કવચ ખડકી દીધુ હતું અને હાર્દિકને મળવા આવનાર મુલાકાતીઓને ફરીથી અટકાવવાનું શરૂ કર્યું હતુ., જેને લઇ પાટીદાર સમાજમાં ફરી એકવાર આક્રોશની લાગણી ફેલાઇ હતી. હાર્દિકની તબિયતમાં સુધારો જણાંતાં તેને હોસ્પિટલ પ્રશાસન દ્વારા આજે રજા આપી દેવામાં આવી હતી. જો કે, હાર્દિક એમ્બ્યુલન્સમાં પોતાની ઉપવાસ છાવણીના સ્થળે પાછા ફરી રહ્યો હતો ત્યારે પોલીસે અચાકન જ તેની એમ્બ્યુલન્સ અટકાવી દીધી હતી અને તેમની એમ્બ્યુલન્સને અંદર જવા દેવાનો સાફ ઇનકાર કર્યો હતો, જેને પગલે હાર્દિક અને તેના સાથીઓ તેમ જ પોલીસ વચ્ચે ભારે રકઝક, જીભાજોડી અને બબાલ સર્જાઇ હતી. હાર્દિક પટેલના અનશનનો અંત લાવવા માટેના પ્રયાસો પણ થઇ રહ્યા છે. ધાર્મિક સંસ્થાઓ પણ મેદાનમાં ઉતરી છે. સમાજના જુદા જુદા અગ્રણીઓ દ્વારા વાતચીત કરવામાં આવી રહી છે. હાર્દિકના આંદોલનને લઇને કેટલીક સંસ્થાઓ દ્વારા સમર્થન પણ આપવામાં આવ્યું છે.

ખેડૂતોના દેવા નાબુદી તેમજ અનામતની માંગ સાથે પાટીદાર અનામત આંદોલનના કન્વીનર હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસને રાજ્યભરમાંથી સમર્થન સાંપડી રહ્યું છે. ત્યારે ગાંધીનગર પૂર્વ વિસ્તારમાં જાખોરા, ચંદ્રાલા, શિહોલીમોટી લવારપુર ખાતે એક દિવસના પ્રતિક ઉપવાસ કાર્યક્રમ યોજાયા બાદ તાલુકાના ચિલોડા ગામે ખાંટવાળા વિસ્તારમાં આવેલ બિરેન ડી. પટેલના નિવાસસ્થાને ગામના પાટીદાર ભાઈબહેનો એકઠા થઈ રામધૂન સીતારામભાઈ, સીતારામની ધૂન બોલાવી કાર્યક્રમ યોજાયો હતો.

આજે બનેલી અઘટિત ઘટનાનો પત્રકારો ભોગ બન્યા છે તે ખુબ જ નિંદનીય

મોડાસા, તા. ૯

હાર્દિક પટેલના ઉપવાસ આંદોલનનું સતત કવરેજ કરી રહેલા પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક્સ મીડિયાને આજે હાર્દિક પટેલને હોસ્પિટલમાંથી રજા મળતા હાર્દિકના ઘર બહાર ગુજરાતની લિડિંગ ચેનલોના વરિષ્ઠ પત્રકારો પર પોલીસ દમન અને વારંવાર મીડિયાને દબાવવામાં આવે છે અને મીડિયાકર્મીઓ સાથે પોલીસે કરેલ બળપ્રયોગ ખુબ જ ગંભીર બાબત છે જેને પત્રકાર પ્રેસ પરિષદ રાષ્ટ્રીય સંઘઠન વખોડે છે અને સરકારને એક તરફ આંદોલનો થઈ રહ્યા છે. બીજી તરફ પેટ્રોલ ડીઝલના ભાવવધારા જેવી પરિસ્થિતિમાં સરકાર ખુબ જ બદનામ થઈ રહી છે ત્યારે સરકારના કેટલાક બહારથી સરકારની ફેવર અને અંદરથી સરકારના વિરોધીઓ એક પછી એક રીતે સરકાર બદનામ થાય, સરકારના વિરોધમાં જુવાળ જાણી જોઈ ઉભો કરવાના બદઈરાદાઓને લઈને જાણે એક પ્રકારની સોપારી

હાર્દિક આવાસ પર મીડિયાકર્મીઓની સાથે ખરાબ વર્તન

અમદાવાદ, તા.૯

એસજીવીપી હોસ્પિટલમાંથી હાર્દિક પટેલ આજે પોતાના ગ્રીનવુડ રિસોર્ટ ખાતેના નિવાસસ્થાને ઉપવાસ છાવણીના સ્થળે પહોંચ્યો ત્યારે પહેલા જ તેની એમ્બ્યુલન્સ અટકાવી હાર્દિક અને તેના સાથીઓ સાથે બબાલ કરી ચૂકેલી પોલીસે ત્યાં કવરેજ કરવા આવેલા મીડિયા કર્મીઓ સાથે પણ અપમાનજનક અને લુખ્ખી દાદાગીરી કરતાં ભારે વિવાદ સર્જાયો હતો. પોલીસ દ્વારા એક તબક્કે મીડિયાકર્મીઓને હડધૂત કરી, ધક્કે ચઢાવી તેમના કેમેરા છીનવવાનો હીન પ્રયાસ પણ થયો હતો, જેને લઇ સમગ્ર મીડિયાઆલમમાં પોલીસના અસભ્ય અને અણછાજતા વર્તનને લઇ ઉગ્ર આક્રોશ ભભૂકી ઉઠયો હતો.

પોલીસની આ દાદીગીરીભર્યા વર્તન દરમ્યાન એક કેમેરામેનને ઇજા પહોંચી હતી, જેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. બીજીબાજુ, સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાનમાં લઇ ખુદ શહેર પોલીસ કમિશનર એ.કે.સિંઘ દ્વારા સેકટર-૧ના જેસીપી પાસેથી ખુલાસો અને રિપોર્ટ માંગવામાં આવ્યો છે. એટલું જ નહી, પોલીસ કમિશનરે આ સમગ્ર મામલે જરૂરી તપાસ આદેશ આપી દેવાયા છે. તો, મીડિયાકર્મીના પ્રતિનિધિઓએ આ સમગ્ર પ્રકરણમાં જે કોઇ કસૂરવાર પોલીસ કર્મચારીઓ કે અધિકારીઓ હોય તેઓની વિરૂધ્ધ તાત્કાલિક કાયદાનુસાર કાર્યવાહી કરવા ઉગ્ર માંગણી કરવામાં આવી હતી. પાસના કન્વીનર હાર્દિક પટેલ આજે એસજીવીપીમાંથી ડિસ્ચાર્જ થઇ સીધા એમ્બ્યુલન્સ મારફતે તેમના ગ્રીનવુડ ખાતેના નિવાસસ્થાને ઉપવાસ છાવણીએ પહોંચ્યા ત્યારે પોલીસે તેમની એમ્બ્યુલન્સ અટકાવતાં હાર્દિક અને તેના સાથીઓને છાવણી સુધી ચાલતાં જવાની ફરજ પડી હતી, આ વાતને લઇ પોલીસ અને હાર્દિક તેમ જ તેના સાથીઓ સાથે ગંભીર બબાલ થઇ હતી.

આ મામલો હજુ શાંત પડે તે પહેલાં જ પોલીસે ત્યાં કવરેજ કરવા આવેલા પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ અને ફોટોગ્રાફર્સને પોલીસે ઉપવાસ છાવણીના સ્થળે જતા અટકાવ્યા હતા અને મીડિયાકર્મીઓએ તેમને તેમની ફરજ અદા કરવામાંથી નહી રોકવાનો આગ્રહ કરતાં પોલીસે બળપ્રયોગ કરતાં વાત વણસી હતી. સેકટર-૧ જેસીપી વિશ્વકર્મા સહિતના કેટલાક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ મીડિયા કર્મીઓ સાથે લુખ્ખી દાદાગીરી શરૂ કરી તેમને ધક્કા મારી હડધૂત કર્યા હતા અને તેઓની સાથે અપમાનજનક વ્યવહાર કર્યો હતો, એટલું જ નહી, કેટલાક પોલીસ કર્મચારીઓએ મીડિયાકર્મીના કેમેરા છીનવવાનો પ્રયાસ પણ કર્યો હતો. પોલીસની આ દાદાગીરી અને બળપ્રયોગમાં એક કેમેરામેનને ઈજા પણ પહોંચી હતી, જેને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પોલીસની દાદાગીરી અને લુખ્ખાગીરીના દ્રશ્યો મીડિયામાં લાઇવ પ્રસારિત થતાં તેના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. વિવાદ બહુ આગળ વધતાં ખુદ શહેર પોલીસ કમિશનર એ.કે.સિંઘે સમગ્ર મામલામાં સેકટર-૧ના જેસીપી પાસેથી ખુલાસો અને રિપોર્ટ માંગ્યો હતો.

સદ્ભાવ યાત્રા : પાટણના ખોડિયાર મંદિરથી ઊંઝા ઉમિયા મંદિર સુધીની યોજાયેલી સદ્ભાવ યાત્રામાં હજારો પાટીદાર પરિવારો જોડાયા હતા. ૧૨ કિલોમીટર લાંબી સદ્ભાવ યાત્રામાં પંદર હજારથી વધુ પાટીદારોએ જય સરદાર, જય પાટીદારના નારા લગાવ્યા હતા. પાટીદાર સમાજની એકતા અને હાર્દિકના સ્વાસ્થ્ય માટે ઉમિયા માતાના ચરણોમાં પ્રાર્થના તથા મહાઆરતી કરવા માટે પાટીદાર સમૂહ ખોડલ ઉમા રથ સાથે ઊંઝા ઉમિયા માતાના પ્રાંગણમાં પહોંચ્યો હતો. ઊંઝા ખાતે ઉમિયા માતાના મંદિરે સાંજે ૬.૩૦ કલાકે ૫૦ હજારથી વધુ પાટીદારો મહાઆરતીમાં જોડાયા હતા.

તલોદમાં દેવાધીદેવની બાર જ્યોતિલીંગના દર્શન

તલોદ, તા. ૯

તલોદના પ્રસિદ્ધ એકલિંગેશ્વર મહાદેવમાં શ્રાવણમાસની પૂર્ણાહુતિએ બાર જ્યોતિલીંગમાં વિશ્વદેવની અમાસની ધામધૂમથી મહાપ્રસાદ સાથે ફુલવાડી તેમજ શંખનાદની ગુંજથી મહાઆરતી ઓમ નમઃ શિવાયના મંત્રોચ્ચાર સાથે મેળા જેવા માહોલમાં ભક્તોની ભીડથી ઉજવણી કરવામાં આવી હતી.

શ્રાવણ માસના આરંભથી દરેક સોમવાર તેમજ પાંચમ, આઠમ અને અગિયારસની સાથે અમાસની પણ ફુલવાડીના દર્શનાર્થીઓને દર્શન કરાવી દૂધ, બિલીપત્ર, ફુલ તેમજ ભભુતીથી ભક્તો ભગવાન મહાદેવને રિજવવા ઉપવાસ આરાધના કરી ધામધૂમથી શ્રાવણ માસ ભક્તિમય વાતાવરણમાં પૂર્ણશાળી કાર્યો કરી અનેક લોટા પાણીના શિવલીંગ પર ચઢાવી ભગવાનને રિજવવા અને તેમની છત્રછાયામાં રહેવા પૂણ્યશાળી પ્રભાવની કોશિષ કરાઈ હતી.

મંદિરના પૂજારી વિવેકભાઈ રાવલ, ભાર્ગવભાઈ વ્યાસ, ઘનશ્યામભાઈ સોની, મનુભાઈ પટેલ અને ચકાભાઈ ઠક્કર જેવા આગેવાન ભક્તોએ મોટી જહેમત ઉઠાવી શ્રાવણમાસના આરંભથી માંડીને અમાસની પૂર્ણાહૂતિ સુધી તમામ ધાર્મિક કાર્યો પૂરા પાડી દર્શાનાર્થીઓને દર્શનનો લાહવો માણી સફળ કાર્યક્રમ બનાવ્યો હતો.

ગુજરાત વાલ્મિકી સંગઠને માલપુરથી દિલ્હી સુધી પદયાત્રા

અરવલ્લી જીલ્લાના માલપુર ગામેથી રવિવારે ગુજરાત વાલ્મિકી સંગઠન દ્વારા સફાઈ કામદારોની પડતર માંગણી લઈ પદયાત્રા યોજી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવેદનપત્ર આપવા માટે પદયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાત વાલ્મિકી સંગઠન અને સફાઈ કામદારોના હક્ક અને અન્યાય મામલે રાજ્યમાં લડત આપતા લાલજી ભગત અને તેમની ટીમે સફાઈ કામદારોને નોકરીઓમાં કાયમી કરવાની માંગ અને કોન્ટ્રાકટ પદ્ધતિ ગુજરાત રાજ્યમાંથી દૂર કરવામાં આવે સહીત સફાઈ કામદારોની વિવિધ માંગણીઓ અને પડતર પ્રશ્નો અંગે પદયાત્રાનો રવિવારે અરવલ્લી જીલ્લાના માલપુર ખાતેથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પદયાત્રા દિલ્હી પહોંચી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવેદનપત્ર આપી રાજ્યના અને દેશભરમાં વાલ્મિકી સમાજને યોગ્ય ન્યાય આપવા માટે રજુઆત કરવામાં આવશે.

મોડાસાના ઉમાપતિ મહાદેવ મંદિરમાં ૧૦૦૮ કમળ પુષ્પનો પાંચ શિવભક્તોનો અભિષેક

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલા ઉમિયા માતા મંદિર ચોકમાં આવેલા ઉમાપતિ મહાદેવ મંદિરમાં ૫ શિવ શ્રદ્ધાળુઓએ આજુબાજુના તળાવો અને અન્ય વિસ્તારોમાંથી ૧૦૦૮ કમળ પુષ્પ એકઠા કરી શ્રાવણ માસના અંતિમ દિવસે શાસ્ત્રોક્ત વિધિ મુજબ મંત્ર જાપ સાથે શિવલિંગ પર અભિષેક કરી ભગવાન ભોળાનાથને રીઝવવા પૂજા અર્ચના કરી હતી. ૧૦૦૮ કમળ પુષ્પથી શિવલિંગ આચ્છયાદિત બન્યું હતું. ૧૦૦૮ કમળ પુષ્પ પૂજાના દર્શનાર્થે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા.

અરવલ્લી જીલ્લામાં પવિત્ર શ્રાવણ માસમાં શિવભક્તો શિવ આરાધનામાં લિન બન્યા હતા. શ્રવણ માસના અંતિમ દિવસે મંદિરમાં શ્રાવણના છેલ્લા દિવસે ઈન્દુભાઈ પટેલ, વિકાસ પટેલ, પરસોત્તમભાઈ પટેલ, કરસનભાઈ પટેલ અને મગનભાઈ પટેલે ૧૦૦૮

શિવાલયોમાં ભારે ભીડ જામી હતી. મોડાસા શહેરના ઉમાપતિ મહાદેવ કમળ પુષ્પ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અને મંત્રજાપ સાથે અભિષેક કરાયો હતો.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

રહ્યા છે. જોકે આ માત્ર મત મેળવવા માટે લટકાવી રાખેલું ગાજર જ છે.

 બ્રાહ્મણો અનામતથી લાભાન્વિત

પ્રત્યેક રાજ્યમાં સરકારો વિકાસની માળા જપે છે છતાં અત્યારે ૫૦૦૦ જેટલી ઓબીસી જ્ઞાતિઓ-જૂથોની પછાત વર્ગોની યાદી સતત લંબાતી જાય છે. સર્વોચ્ચ અદાલતના ઈન્દિરા સહાની ચુકાદામાં ક્રીમી લેયરનો વિચાર ઘુસી ગયો. એસસી કે એસટી પરિવાર ગમે તેટલા સમૃદ્ધ હોય તો પણ તેમને અનામતનો લાભ નકારી શકતો નથી,પણ ઓબીસીમાં અમુક આવકથી વધુ આવક ધરાવનાર પરિવારના સભ્યોને અનામતનો લાભ મળતો નથી. મંડળ પંચ હેઠળની અનામતનો લાભ હકીકતમાં જે ખરેખર ગરીબ કે પછાત છે તેમને મળવાને બદલે મહિને ૬૬,૦૦૦ રૂપિયાની આવક ધરાવનારા ''ગરીબ અને પછાતોને'' મળે એવો નિર્ણય થોડા વખત પહેલાં મોદી સરકારે કર્યો છે. ઓબીસી અનામત અમલી બની ત્યારે વર્ષે જે પરિવારની આવક રૂપિયા એક લાખ કરતાં ઓછી હોય તેમને જ અનામતનો લાભ અપાતો હતો. મોદી સરકારને મહિને ૧.૨૫ લાખ રૂપિયા એટલે કે વર્ષે ૧૫ લાખ રૂપિયાની આવકવાળા ઓબીસી પરિવારને અનામતનો લાભ મળે તેવી ભલામણ રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગે કરી હતી,પણ સરકારે ''વાજબી કરીને'' મહિને રૂપિયા ૬૬,૦૦૦ની આવક ધરાવતા ગરીબ પરિવારોને અનામત લાભ મળે, એવું ઠરાવ્યું હતું. દલિત અને આદિવાસી અનામતનો લાભ લઈને સરકારી નોકરીમાં આવેલાઓને બઢતીમાં પણ અનામતનો લાભ મળે છે, જે ઓબીસીને મળતો નથી.

ક્યારેક મદ્રાસ પ્રાંતમાં અંગ્રેજોની મીઠી નજર તળે અનામતનો સૌપ્રથમ લાભ બ્રાહ્મણોને મળ્યો હતો, જયારે અત્યારે ૬૯ % જેટલી અનામતની ટકાવારી ધરાવનારા તમિળનાડુમાં બ્રાહ્મણો ૫% અનામત મેળવવા માટે રેલીઓ કાઢે છે છતાં એમને દક્ષિણારૂપે પણ આટલી અનામત અપાતી નથી ! દેશ ખરેખર વિકાસ કરી રહ્યાનાં ઢોલ પીટવામાં આવે છે,પરંતુ અનામતના લાભ લેવા માટે ઊલટી ગંગા ચાલુ છે. અગાઉ પોતાને ઊંચા ગણાવવાની સ્પર્ધા ચાલતી હતી અને સમાજશાસ્ત્રી એમ.એસ. શ્રીનિવાસ એને સંસ્કૃતીકરણની થિયરી ગણાવતા હતા. હવે ઉજળિયાત પણ પોતાને પછાત ગણાવવાની સ્પર્ધામાં સામેલ થઈને અનામતનો લાભ મેળવવા માટે આંદોલન કરે છે. સમય સમયની બલિહારી છે.

- haridesai@gmail.com

ગણતરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છતાં ૧ જ ઓરડાની વ્યવસ્થા છે. ગાંધીનગરના કુલ પરિવારો પૈકી બે રૂમની સુવિધા ધરાવતા સૌથી વધુ ૧,૧૯,૨૮૦ પરિવારો (૪૨ ટકા) છે ત્યારબાદ ત્રણ રૂમ ધરાવતા ૫૯,૧૪૩ (૨૦ટકા) અને ૮૩,૧૮૭ પરિવારો (૨૯ ટકા) ૧ રૂમની સગવડ ધરાવે છે. એ દૃષ્ટિએ એમ કહી શકાય કે ગાંધીનગરના ૨૯ ટકા પરિવારો પાસે ખોરડું તો છે પણ સભ્ય સંખ્યાની સામે ૧ રૂમથી વધારેની સુખસુવિધા ગેરહાજર છે. તો બીજી તરફ આપણે એ પણ વિચારવું પડશે કે ૩૭૧ એકલ વ્યક્તિ એવી છે કે તેમની સંખ્યા કરતા ત્રણ ચાર પાંચ કે છ ગણા ઓરડા છે પણ રહેવા વાળા તેઓ એકલા જ છે. આજકાલ સામાજિક વિકાસને ધ્યાનમાં લેતા હવે એકલ મા-બાપ (જેમને એક જ બાળક હોય)ના વિશે વિચાર થવા માંડ્યો છે એમ હવે એકલ પરિવાર-એકલ વ્યક્તિનું પણ વિચારવું પડશે એમ આંકડાઓ દર્શાવે છે.

ધરપકડ કરાઈ... ● અનુસંધાન પહેલાનવું ચાલુ

બીટકોઇન કેસમાં છેલ્લા ઘણા સમયથી નાસતા ફરતા નલિન કોટડિયા વિદેશ ભાગી જાય તેવી દહેશત સીઆઈડી ક્રાઈમે વ્યક્ત કરી હોવાથી કોટડીયા સામે લુક આઉટ નોટિસ પણ જારી કરવામાં આવી હતી. જો કે, નલિન કોટડિયાની ધરપકડ થતાં શહેર ક્રાઈમબ્રાંચને બીટકોઈન કેસમાં મહત્વની સફળતા મળી છે અને હવે બીટકોઈન કૌભાંડમાં ચોંકાવનારી વિગતો ખુલવાની શકયતા છે. ચકચારભર્યા બીટકોઈન કૌભાંડમાં નાસતા ફરતા નલિન કોટડીયાએ છેલ્લે ૪થો પત્ર લખ્યો હતો જેમાં તેમણે લખ્યું, જો મને અથવા તો મારા પરિવારને કંઈ થશે તો તેની જવાબદારી શૈલેષ ભટ્ટની રહેશે. આ સિવાય આ પત્રમાં ૨૪૦ કરોડના કૌભાંડમાં કેટલાક રાજકીય નેતાઓ હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. કોટડિયાએ કે, સમય આવશે ત્યારે રાજકીય નેતાઓના નામ પણ આપીશ. તેમજ જો આટલા પુરાવા અને સાબિતીઓ હોવા છતાં જો તપાસ નહીં થાય તો હું અને મારો પરિવાર ન્યાય માટે ઉપવાસ પર ઉતરીશ. ઉલ્લેખનીય છે કે, ગત મે મહિનામાં સતત ત્રણ દિવસ સુધી ધારીના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડીયાએ તપાસનીશ એજન્સીને પત્રો લખ્યા હતા. કોટડીયાએ સીઆઈડી ક્રાઈમને લખેલા પત્રમાં લખ્યુ હતું કે, રૂ.૧૨ કરોડના બીટકોઈન કૌભાંડમાં ફરિયાદીએ મારા પર લગાવેલા આરોપ બાબતે મારો જવાબ લેવા આપ તરફથી મને જાણ કરવાના સમાચાર મને મીડિયા દ્વારા મળ્યા છે. હું મારા અંગત અને જરૂરી કામ માટે રાજ્ય બહાર હોવાથી અને ૧૧-૫-૧૮ના રોજ પરત ફરતો હોવાથી મને મુદ્દત આપશો. હું તારીખ ૧૧ અને ૧૨ મેના રોજ ગાંધીનગર ખાતે આપની કચેરીએ જવાબ આપવા જાતે ઉપસ્થિત રહીશ.